

અસહ્ય ગરમી અને ઉકળાટ વચ્ચે ઝાડના મીઠાં છાંયામાં આરામ ફરમાવતા આ સાયકલ સવાર રાહત મેળવી રહ્યો છે. (કશ્યપ નિમાવત)

# જામીન પર છુટેલા રીઢા વાહનચોર બાપ-દીકરા ફરી ચોરીના રવાડે

## ૨૧ વાહનચોરી કરવાના ગુનામાં જેલમાં ગયેલા બાપ-દીકરાએ જામીન પર છુટીને દહેગામનો શો-રૂમ ટાર્ગેટ કર્યો હતો : બંનેની ધરપકડ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર, અમદાવાદ તથા મહેસાણા જિલ્લામાં વાહનચોરી, ભંગારચોરી સહિતના ૨૧ જેટલા ગુનાઓમાં અગાઉ પકડાયેલા રીઢા બાપ-દીકરા દોઢેક મહિના પહેલા જામીન પર મુક્ત થયા હતા. જામીન પર છૂટ્યા બાદ પુનઃ આ રવાડે ચડી ગયેલા બાપ દીકરા ગઈ કાલે ગાંધીનગર એલ.સી.બી પોલીસના હાથે ઝડપાઈ ગયા છે. તાજેતરમાં ગાંધીનગર જીલ્લાના દહેગામ પાસે સ્થિત એક શો-રૂમમાંથી થયેલી બે વાહનો અને એક લેપટોપની ચોરી આ બંને શખ્સોએ મળીને કરી હોવાનું ખુલ્યું છે. પોલીસે બંનેની ધરપકડ કરીને બંને શખ્સોની ઝીણવટભરી પૂછતાછ શરુ કરી છે.

ગાંધીનગર ડી.એસ.પી ની સુચનાથી એલ.સી.બી પી.આઈ આશુતોષ પરમારે વાહનચોરીના ગુનાઓ અટકાવવા તથા ડિટેક્ટ કરવા તેમની ટીમને સક્રિય કરી બાતમીદારો સક્રિય કર્યા હતા. ગઈ કાલે એલ.સી.બી ટીમ રણાસણ સર્કલ પાસે વાહન ચેકીગમાં હતી તે દરમિયાન નરોડા તરફથી નંબર પ્લેટ વિનાના અલગ અલગ વાહનો લઈને નીકળેલા બે શખ્સો પકડ્યા હતા. હોન્ડા ડ્રીમ યુગા અને એક્ટીવા સાથે શકમંદ હાલતમાં પકડી એલ.સી.બી ની ટીમે સઘન પૂછપરછ કરતા બંને વાહનો ચોરીના હોવાનું જાણવા મળ્યું હતું. અમદાવાદ દસક્રોઈ વિસ્તારમાં રહેતા સંજય ઉર્ફે સુધીર ઉર્ફે સંદીપ ઉર્ફે પીન્ટુ ઉર્ફે રૂડો ઉર્ફે નિખીલ રમેશભાઈ પંચાલ અને રમેશભાઈ ઉર્ફે રમણભાઈ ઉર્ફે રામજીભાઈ ઉર્ફે રામાભાઈ પંચાલ નામના બંને શખ્સો બાપ-દીકરો છે. એક્ટીવાની ડેકી તપાસતા તેમાંથી એક લેપટોપ મળી આવ્યું હતું. વાહનો અને લેપટોપ અંગે સઘન પૂછપરછ કરતા



દહેગામના હીરો હોન્ડા બાઈક પોઈન્ટ નામના શો-રૂમ માંથી તાજેતરમાં જ તાળા તોડીને ચોરી કર્યુ હોવાનું બહાર આવ્યું છે. પોલીસે મુદ્દામાલ રીકવર કરીને બંનેનો ગુનાઈત ઈતિહાસ તપાસતા બહાર આવ્યું છે કે અમદાવાદ શહેર, કલોલ, તથા મહેસાણા સહીતના વિસ્તારોમાંથી વાહનચોરી, ભંગારચોરી જેવા ૨૧ ગુનામાં પકડાયેલા છે અને દોઢ મહિના પહેલા જ જામીન પર મુક્ત થયા છે.

# જિલ્લાની ૬૦ ગ્રાન્ટેડ શાળાઓ માટે શિક્ષકોનો ભરતી કેમ્પ યોજાયો

## ૧૦ જેટલા વિષયોને અનુલક્ષી ૯૪ શિક્ષકોની ભરતી કરાઈ

ગાંધીનગર, તા.૨૭

જિલ્લાની ગ્રાન્ટેડ શાળાઓમાં શિક્ષકોની ઘટ નિવારવા આજે ભરતી કેમ્પ યોજવામાં આવ્યો હતો. જિલ્લામાં ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ૯૪ શિક્ષકોની ઘટ હતી જયારે આ ભરતી કેમ્પ દરમિયાન વિવિધ ૧૦ વિષયોના ૯૪ શિક્ષકોની ભરતી થતા શાળાઓમાં શિક્ષકોની ઘટનો પ્રશ્ન પણ હલ થઈ ગયો છે.

ગાંધીનગર જિલ્લાની ગ્રાન્ટેડ શાળાઓમાં શિક્ષકોની ઘટનો પ્રશ્ન મુખ્ય બન્યો હતો. શિક્ષકોની ઘટના લીધે વિદ્યાર્થીઓના શિક્ષણ પર માઠી અસર થતી હોવાનું ધ્યાને આવ્યું હતું. શહેરની પ્રાથમિક શાળાઓમાં લાંબા સમયથી શિક્ષકોની ઘટ નિવારવા પ્રબળ માંગ ઉઠવા પામી છે ત્યારે શિક્ષણ વિભાગ દ્વારા ઉચ્ચતર માધ્યમિક વિભાગના શિક્ષકોની ઘટ નિવારવા આજે ગાંધીનગરમાં જિલ્લા કક્ષાનો ભરતી કેમ્પ યોજવામાં આવ્યો હતો. પ્રાપ્ય માહિતી અનુસાર જિલ્લાની ગ્રાન્ટેડ શાળાઓમાં શિક્ષકોની ભરતીને અનુલક્ષી આજે સે-૮ સ્થિત સેંટ ઝેવિયર્સ શાળામાં કેમ્પ યોજવામાં આવ્યો હતો. આ કેમ્પ દરમિયાન ૧૦ જેટલા વિષયોને અનુલક્ષી શિક્ષકોની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જિલ્લાની ૬૦ શાળાઓમાં ૯૪ શિક્ષકોની ઘટ નિવારવા હાથ ધરાયેલી આ ભરતી કેમ્પની પ્રક્રિયાના અંતે તમામ વિષયોને અનુલક્ષી ૯૪ જેટલા શિક્ષકોની ભરતી કરવામાં આવી હતી જેના પરીણામે હવે જિલ્લાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ રહેશે નહીં.

## સેકટર-૩માં આજે આનંદનો ગરબો

શ્રીમતી સવિતાબેન રામજીભાઈ વાણીયા તરફથી સેકટર-૩/ડી, રામેશ્વર મંદિરમાં તા. ૨૮મી મેના બપોરે ૨.૩૦ થી ૫.૩૦ સુધી આનંદ ગરબા મંડળ અને કૃષ્ણ મંડળ દ્વારા આયોજન કરેલ છે. પ્રફુલ્લાબેન બાબુલાલ ભાવસારે જણાવેલ છે.

## સેકટર-૪માં આજે આનંદનો ગરબો

શ્રીમતી મણીબેન પરમાર પ્લોટ નં. ૧૦૨૮/૨, બપોરે ૩ થી ૬માં શ્રીમતી ભાવનાબેન ગોકલાણીના મધુર કંઠે યોજાશે. ભકતોને પધારવા આમંત્રણ પાઠવેલ છે. પ્રફુલ્લાબેન ભાવસારે જણાવેલ છે.



શહેરમાં નવા સેકટરનો વિકાસ થયો પણ જૂના સેકટરોનાં સાઈન બોર્ડ તો ભંગાર અવસ્થામાં છે... તેની કયારે દરકાર કરાશે...! (તસવીર : કશ્યપ નિમાવત)

# કિશોરીના અપહરણ કેસમાં આરોપીને ૫ વર્ષની કેદ

ગાંધીનગર, તા.૨૭

કિશોરીના અપહરણ કેસમાં ગાંધીનગર કોર્ટ આરોપીને પાંચ વર્ષની સખત કેદની સજા તેમજ પાંચ હજાર રૂપિયાનો દંડ ભોગવવા હુકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર તા. ૯ એપ્રિલ વર્ષ ૨૦૧૨ના રોજ આરોપી નિલેષ ઉર્ફે નિમેશ વિરેન્દ્ર શાહે કીશોરીને ઘ-૩ બોલાવી હતી. ૧૧ વાગ્યાના સુમારે આરોપી નિલેષ ઉર્ફે નિમેશે કીશોરીને રીક્ષામાં બેસાડી કેફી પીણું પીવડાવી બેભાન કરી દીધી હતી. કિશોરીના આ અપહરણ કેસ સંદર્ભે સે-૭ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે ગુન્હો નોંધી આરોપી વિરૂધ્ધ કોર્ટમાં ચાર્જશીટ રજુ કર્યું હતું. આ કેસ ગાંધીનગરની એડી ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે સુનીલ પંડયાએ ધારદાર દલીલો કરી હતી જે દલીલો અને પુરાવાઓને ધ્યાને લઈ સેશન્સ જજ ડી.કે. વ્યાસે આરોપીને ભારતીય દંડ સંહીતાની કલમ ૩૬૩ના ગુનામાં તકસીરવાન ઠરાવી ૫ વર્ષની સખત કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે. આ ઉપરાંત આરોપીને રૂ. ૫ હજારનો દંડ અને દંડ ન ભરે તો વધુ ૬ માસની કેદની સજા ભોગવવા પણ કોર્ટે આદેશ કર્યો છે.

દેશની સૌ પ્રથમ આંતરિક સુરક્ષા માટેની યુનિવર્સિટી
**રક્ષા શક્તિ યુનિવર્સિટી**
(Established by Govt. of Gujarat • recognized by UGC)
ન્યુ મેન્ટલ કોર્નર, મેઘાણીનગર, અમદાવાદ - ૩૮૦૦૧૬
ફોન : ૦૭૯ - ૨૨૬૮૪૨૨૨, ફેક્સ : ૦૭૯ - ૨૨૬૮૩૭૬૨
www.rakshashaktiuniversity.edu.in

-: આંતરિક સુરક્ષાના ક્ષેત્રમાં કારકિર્દી ઘડતર માટે ઉપલબ્ધ અભ્યાસક્રમો :-

| અભ્યાસક્રમનું નામ | સમયગાળો | વાર્ષિક ફી | આવશ્યક લાયકાત | બેઠક સંખ્યા |
|---|---|---|---|---|
| ડિપ્લોમા ઈન પોલીસ સાયન્સ (ગુજરાતી માધ્યમ) | ૨ સેમિસ્ટર | ૨૧૦૦૦ | કોઈપણ પ્રવાહમાં ધો. ૧૨ પાસ | ૧૫૦ |
| પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન પોલીસ સાયન્સ (ગુજરાતી માધ્યમ) | ૨ સેમિસ્ટર | ૨૧૦૦૦ | કોઈપણ પ્રવાહમાં સ્નાતક | ૪૦ |
| પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન પ્રોસીક્યુશન (અંગ્રેજી માધ્યમ) | ૨ સેમિસ્ટર | ૨૧૦૦૦ | કાયદાના સ્નાતક | ૩૦ |
| બેચલર ઓફ આર્ટસ ઈન સીક્યુરીટી મેનેજમેન્ટ (ગુજરાતી/અંગ્રેજી માધ્યમ) | ૬ સેમિસ્ટર | ૧૦૦૦૦ | કોઈપણ પ્રવાહમાં ધો. ૧૨ પાસ | ૪૦ (ગુજરાતી) ૪૦ (અંગ્રેજી) |
| એમ. એ. ઈન ક્રિમિનોલોજી (અંગ્રેજી માધ્યમ) | ૪ સેમિસ્ટર | ૩૦૦૦૦ | કોઈપણ પ્રવાહમાં સ્નાતક | ૨૫ |
| માસ્ટર ઈન અપ્લાઈડ સાયકોલોજી (અંગ્રેજી માધ્યમ) | ૪ સેમિસ્ટર | ૬૦૦૦૦ | 50% સાથે મનોવિજ્ઞાન સાથેના સ્નાતક | ૪૦ |
| એમ. ટેક. ઈન સાયબર સિક્યુરીટી (અંગ્રેજી માધ્યમ) | ૪ સેમિસ્ટર | ૫૦૦૦૦ | 55% marks/5.5 on a 10 point scale and B.E./B.Tech. (CE / CS / IT / EC / ICT / Electronics), M.Sc. (CS/IT) or MCA | ૨૦ |
| એમ. એ. ઈન પોલિસ એડમિનિસ્ટ્રેશન (અંગ્રેજી માધ્યમ) | ૪ સેમિસ્ટર | ૩૦૦૦૦ | કોઈપણ પ્રવાહમાં સ્નાતક | ૨૫ |

નોંધ : અરજી ફોર્મના કવર ઉપર કોર્સનું નામ અવશ્ય દર્શાવવું.

**પ્રવેશ ફોર્મ જમા કરાવવાની અંતિમ તારીખ : ૨૫/૦૬/૨૦૧૪**

પ્રવેશ ફોર્મ મેળવવાના ઉપલબ્ધ વિકલ્પો :-

(૧) રક્ષા શક્તિ યુનિવર્સિટી કચેરી, અમદાવાદ ખાતેથી કામકાજના દિવસે કચેરી સમય દરમ્યાન નિયત ફોર્મ ફી રોકડમાં ચુકવવાથી પ્રવેશ ફોર્મ મેળવી શકાશે.
(૨) રક્ષા શક્તિ યુનિવર્સિટીની વેબ સાઈટ પરથી ફોર્મ ડાઉનલોડ કરીને ભરી શકાશે. આ કિસ્સામાં ભરેલા અરજી ફોર્મ સાથે નિયત ફોર્મ ફીનો ડિમાન્ડ ડ્રાફ્ટ / ઈન્ડીયન પોસ્ટલ ઓર્ડર (રજીસ્ટ્રારશ્રી, રક્ષા શક્તિ યુનિવર્સિટી ના નામનો અમદાવાદ માટેનો)અત્રે મોકલવા.
(૩) ટપાલથી ફોર્મ મેળવવા નિયત ફોર્મ ફીનો ડિમાન્ડ ડ્રાફ્ટ / ઈન્ડીયન પોસ્ટલ ઓર્ડર (રજીસ્ટ્રારશ્રી, રક્ષા શક્તિ યુનિવર્સિટી ના નામનો અમદાવાદ માટેનો) તેમજ ૧૧ x ૫ નું પોતાના નામ, સરનામા વાળું રૂ. ૫/-ની પોસ્ટેજ સ્ટેમ્પવાળું ખાલી કવર અત્રે મોકલવાથી તે ઉમેદવારને અત્રેથી પ્રવેશ ફોર્મ મોકલવામાં આવશે. કવર ઉપર --------------- કોર્સ માટે ફોર્મ મેળવવાની અરજી એવું સ્પષ્ટ લખવું.

પ્રવેશ પ્રક્રિયા :-

પ્રવેશ મેરિટના ધોરણે આપવામાં આવશે, મહિલા ઉમેદવાર, એનસીસી (બી અને સી સર્ટિફિકેટ ધારકો) તેમજ રમતવીર ઉમેદવારોને ડિપ્લોમા પ્રવેશમાં અગ્રતા આપવામાં આવશે. નિયમાનુસાર અનામત બેઠકો રાખવામાં આવશે.

સુવિધાઓ :-

(૧) એસ.સી./એસ.ટી. વિદ્યાર્થીઓને સરકારશ્રી તરફથી નિયમાનુસાર શિષ્યવૃત્તિનો લાભ મળવાપાત્ર છે. (૨) ગાંધીનગરના રમણીય વિસ્તારમાં વ્યાજબી ફી થી હોસ્ટેલ સુવિધા તેમજ ટ્રાન્સપોર્ટેશન સુવિધા (૩) કોમ્પ્યુટર લેબોરેટરી તેમજ આધુનિક લાયબ્રેરી (૪) વાયરલેસ સેટ, સીસીટીવી, ડોર ફ્રેમ મેટલ ડિટેક્ટર જેવા ઈલેક્ટ્રોનિક સાધનોનો પ્રાયોગિક અભ્યાસ કરાવવામાં આવે છે. (૫) સરકારશ્રી દ્વારા પોલીસ ભરતીમાં યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને અગ્રતા આપવામાં આવે છે.

વધુ વિગતો માટે યુનિવર્સિટીની વેબસાઈટ જોવી.

ક્રમાંક/સંમાનિ/અમદ/૧૩૬/૨૦૧૪

*વિદ્યાર્થ પ્રવેશ, રક્ષાર્થ પ્રસ્થાન*

# સેકટર-૨૭ના આંતરિક માર્ગ પર વીટકોસ બસ ચાલુ કરવા વસાહતીઓની માંગ

## પાંચ વર્ષથી કાર્યરત બસ કંપની અમુક સેકટરોમાં સુવિધા આપવા વામણી સાબિત થઈ રહી છે

ગાંધીનગર, તા.૨૭

શહેરને સીટી બસની સુવિધા આપવામાં વીટકોસ બસ કંપનીનું યોગદાન મહત્વનું છે. પરંતુ કંપની દ્વારા હજુ પણ અમુક સેકટરો માટે ઓરમાયું વર્તન કરવામાં આવે છે તેવી બુમ ઉઠવા પામી છે. સ્વસ્તિક સોસાયટી સે-૨૭ એ સેકટર-૨૭નાં આંતરિક રોડ પર સર્વિસ આપવા બસ સંચાલકોને જણાવ્યું છે.

ગાંધીનગર શહેરનું નિર્માણ એવું કરવામાં આવ્યું છે કે બહારથી આવતા મુલાકાતીઓને તો ઠીક પણ અહીંના રહીશને પણ સમજવા માટે સમય આપવો પડે છે. અહીના રહીશોને શોપીંગ, દવાખાનું કે અન્ય કોઈ જગ્યાએ આવન-જાવન માટે પર્સનલ વાહનનો ઉપયોગ કરવો પડતો હોય છે. અન્યથા સ્પેશિયલ રીક્ષા કરી ખિસ્સાને ઢીલું કરવું પડતું હોય છે.

આશરે પાંચેક વર્ષ પહેલા વીટકોસ બસ પ્રા. કંપની દ્વારા શહેરની આ સમસ્યા હલ કરવા માટે સીટી બસ સર્વિસ ચાલુ કરવામાં આવી છે. ઘણે ખરે સીટી બસ સર્વિસને સફળતા પણ મળી છે તો કયાંક કયાંક નિષ્ફળતા મળી છે ત્યારે ગાંધીનગર સ્થિત સે-૨૭ની સ્વસ્તિક સોસાયટી દ્વારા સેકટર-૨૭ના આંતરિક માર્ગ પર બસ સેવા પુરી પાડવા માંગ કરવામાં આવી છે.

સોસાયટીના પ્રમુખ અને મહામંત્રીએ જણાવ્યું છે કે શહેરમાં વધુ વસ્તી ધરાવતું સેકટર-૨૭ છે. તેમજ અહીંયા ડીએસપી કચેરી, એસ.આર.પી.ની ગૃપ-૧૨ કંપની, આદિવાડા ગામ, સેકટર-૨૬ અને ૨૮ જીઆઈડીસી સરકારી ઈજનેરી કોલેજ જેવી મુખ્ય કચેરીઓ અને શૈક્ષણિક સંકુલ આવેલા છે. અહીંયા કામાર્થે આવતા અનેક લોકોને આવન-જાવન માટે પારવાર હાલાકી ભોગવવી પડે છે. ન છુટકે પ્રાઈવેટ રીક્ષાઓનો સહારો લેવો પડે છે.

વધુમાં જણાવ્યું છે કે આંતરિક રસ્તાઓ પર બસ સર્વિસ પુરી પાડવી અને તેની સાથે સાથે શહેરના અને સેકટરના બસ સ્ટેન્ડ પર વીટકોસ બસનું ટાઈમ ટેબલ મુકવું, જેનાથી મુસાફરોને બસના આવન જાવનનો સમય ખ્યાલ આવે અને પ્રાઈવેટ વાહનોનો સહારો ન લેવો પડે. તેમણે ગાંધીનગર કલેકટરને પણ લેખિતમાં જાણ કરી આ સમસ્યાનું નિવારણ લાવવા પણ માંગણી કરી છે.

## આજે વિધાનસભામાં વીર સાવરકરને પુષ્પાંજલિ અપાશે

વિનાયક દામોદર સાવરકરનો આજે ૧૩૨ મા જન્મદિવસ નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવશે. ગુજરાત વિધાનસભા પોડિયમમાં આવેલ વીર સાવરકરના તૈલચિત્રને આજરોજ બુધવાર સવારે ૧૧.૦૦ વાગે પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં જાહેર જનતાને ઉપસ્થિત રહેવા અધ્યક્ષશ્રી દ્વારા જણાવવામાં આવ્યું છે.

# ગાંધીનગરના સંત નિરંકારી મંડળના સંયોજક ખુશાલસિંઘ યુધનું દુઃખદ અવસાન

## સ્વર્ગસ્થનું બેસણું તા. ૨૯મીએ સવારે સે-૨૩માં આવેલા તેમના નિવાસસ્થાને યોજાશે : તે દિવસે સાંજે સે-૩૦ના નિરંકારી ભવન ખાતે સત્સંગના કાર્યક્રમનું આયોજન કરાયું

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરમાં સંત નિરંકારી મંડળના પાયાની ઈંટ સમાન પ્રમુખ અને સંયોજક એવા સે-૩૦માં રહેતા ખુશાલસિંઘ યુધનું તા. ૨૩મી મે ના રોજ આકસ્મિક દુઃખદ અવસાન થયું છે. સ્વ. ખુશાલસિંઘનું શોકસભાના રૂપમાં બેસણું તા. ૨૯મી મે ગુરૂવારે સે-૨૩માં તેમના નિવાસસ્થાને સવારે ૮.૩૦ થી ૧૧ વાગ્યા દરમિયાન રાખવામાં આવ્યું છે તેમજ તે દિવસે સાંજે સંત નિરંકારી ભવન ખાતે ૫ થી ૭.૩૦ વાગ્યા દરમિયાન સત્સંગનું આયોજન કરવામાં આવેલ છે.

સે-૩૦માં સંત નિરંકારી ભવન ખાતે ચાલી રહેલા સંત નિરંકારી મિશનના સેવા દળના ઈન્ચાર્જ તરીકે અને માર્ગદર્શક તરીકે સ્વ. કે.સી. યુધે વર્ષો સુધી સેવાઓ બજાવી હતી. તેઓ નિવૃત્ત ડીવાયએસપી હતા અને તેમના જવાથી સંત નિરંકારી મંડળને કદી ન પુરાય તેવી ખોટ પડી છે. તેઓને સમગ્ર સંત નિરંકારી મંડળના પદચિન્હ તરીકે બધાના હૃદયમાં જીવંત રહેશે. તેઓ તેમની પાછળ ત્રણ દીકરાઓ, બે પુત્રવધુઓ તથા બે પૌત્રો અને ચાર પૌત્રીઓની લીલી વાડી મુકી ગયા છે. આ મહાન સંત સમાન સ્વ. કે.સી. યુધની યાદમાં શોસભાના સ્વરૂપમાં બેસણાનું આયોજન તા. ૨૯મી મે એ સવારે ૮.૩૦ થી ૧૧ વાગ્યા દરમિયાન તેમના નિવાસસ્થાને પ્લોટ નં. ૫૪૩, વિરાટનગર, સે-૨૩ ખાતે રાખવામાં આવ્યું છે. તેમજ આજ દિવસે સાંજે ૫ થી ૭.૩૦ વાગ્યા દરમિયાન સે-૩૦માં ચીપ ટાઈપ શોપીંગ સેન્ટરની સામે આવેલ સંત નિરંકારી ભવન ખાતે સત્સંગનું આયોજન કરેલ છે. આ સત્સંગમાં લંગર પ્રસાદીનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ સત્સંગ કાર્યક્રમમાં પધારવા સ્વ. ખુશાલસિંઘ યુધના પુત્ર ગુરુપ્રકાશસિંઘ યુધે તમામ ધર્મપ્રેમી જનતાને હાજર રહેવા આમંત્રણ આપ્યું છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૫
સૂર્યાસ્ત : ૭.૦૬

## તાપમાન

મહત્તમ : ૪૩.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૯.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૦ ટકા ● સાંજે ૧૭ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
હીરોપંતી : ૧૦.૦૦ (રાત્રે)
: સ્ક્રીન-૨ :
કૌચયયાન ૩-ડીઃ ૧૨.૩૦
એક્સ મેન : ૨.૪૫, ૭.૪૫, ૧૦.૧૫
૩-ડી ગોડજીલા : ૫.૧૫
: સ્ક્રીન-૩ :
ધ એક્સપોઝ : ૧.૦૦
કૌચયયાન ૨-ડી (હિન્દી): ૩.૩૦, ૫.૪૫, ૧૦.૧૫
કૌચયયાન ૨-ડી (તમિલ) : ૮.૦૦
: સ્ક્રીન-૪ :
હીરોપંતી : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૫ :
ધ એક્સપોઝ : ૧.૦૦
કૌચયયાન : ૩.૩૦
હીરોપંતી : ૬.૪૫

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
એક્સ-મેન(૩-ડી, હિન્દી) : ૧૦.૪૫,૧.૩૦,૪.૧૫,૭.૦૦,૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
કોચયયાન ૩ડી (હિન્દી):૯.૩૦,૩.૦૦,૫.૩૦,૧૦.૫૫
ગોડજીલા (૩-ડી) : ૧૨.૦૦
એક્સ-મેન : ૮.૦૦
: સ્ક્રીન-૩ :
હીરોપંતી : ૯.૦૦, ૧૨.૦૫, ૩.૧૦, ૬.૧૫, ૯.૨૦
: સ્ક્રીન-૪ :
હીરોપંતી : ૧૦.૧૫, ૧.૨૦, ૪.૨૫, ૭.૩૦, ૧૦.૩૫

### સૂર્યા સિનેમા (વાવોલ)

ઠાકોરની લોહી ભીની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
હીરોપંતી : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૧૦.૩૦
કૌચદયાન : ૭.૦૦
: સ્ક્રીન-૨ :
ગોડજીલા : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫,૧૦.૧૫
કૌચદયાન : ૭.૧૫
: સ્ક્રીન-૩ :
કૌચયયાન : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
હીરોપંતી : ૭.૩૦

## આપની આજ

**મેષ** : આર્થિક ક્ષેત્રે લંબિત પ્રકરણઓમાં વિશેષ કાર્ય થશે. નવા સંબંધ બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સફળ યાત્રાનો યોગ બની રહ્યો છે.

**વૃષભ** : વ્યાપાર- વ્યવસાય પર ધ્યાન આપશો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. ધર્મ આધ્યાત્મ સંબંધી ચિંતનનો યોગ. ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રા પ્રવાસ થશે.

**મિથુન** : આળસ, પ્રમાદથી દૂર રહીને કાર્ય કરો. વિદ્યાર્થીઓને શિક્ષાના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ઉપલ્બિ મળી શકશે. ઋણ સંબંધી કાર્યોમાં સંય રાખવું. તમારા વ્યવહારને સંયમિત રાખીને કાર્ય કરવું.

**કર્ક** : મિત્રોનો પૂર્ણ સહયોગ તમને મળી શકશે. વ્યાપાર- વ્યવસાય સારું ચાલશે. ખર્ચના અનુપાતમાં આવક પણ થતી રહેશે. નવા આર્થિક સ્ત્રોત પર કાર્ય થશે.

**સિંહ** : નવી યોજનાઓ બનશે જેનો લાભ ભવિષ્યમાં પ્રાપ્ત થઈ શકે છે. આર્થિકક્ષેત્રે વિશેષ યાત્રાઓ થશે. ધૈર્યથી વ્યાપારિક કાર્યોને પૂર્ણ કરો નવા કાર્યોથી દૂર રહો.

**કન્યા** : સામાજિક કાર્યોમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિના કાર્ય થશે. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબિક સુખનો અભાવ રહેશે.

**તુલા** : સામાજિક કાર્યોમાં સમય પસાર થશે. ઋતુ અનુસાર ખાનપાન કરવું. શુભ સંદેશ તમને નવી ચેતના આપશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તનનો યોગ બની રહ્યો છે. ધર્મ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે.

**વૃશ્ચિક** : કોઈ કાર્યમાં મળેલી સફળતા મહત્વપૂર્ણ હિતકારક બનશે. વ્યાપાર અથવા આજીવિકાના ક્ષેત્રમાં તમારું મહત્વ અને વિશ્વાસ વધશે. શુભ માંગલિક કાર્યનો યોગ બનશે. પૈતૃક આર્થિક સ્થિતિમાં લાભ થશે.

**ધન** : પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે. પ્રેમ સંબંધમાં સફળતા મળવાનો યોગ છે. વ્યસ્તતામાં વધારો થશે. નવીન કાર્ય કરવાની તક પણ વધશે.

**મકર** : આર્થિક ચિંતા દુર થતી જણાશે. નિર્ણય લેવામાં વિલંબ ન કરવો.શિક્ષા, સંતાન, પ્રતિસ્પર્ધાત્મક પરીક્ષા સંબંધી ભાગ્યવર્ધક યોગ બની રહ્યા છે.

**કુંભ** : કુટુંબના સહયોગથી દિવસ ઉત્સાહપૂર્વક પસાર થશે. તમારા પ્રયાસોની લોક પ્રશંસા કરશે. સહયોગીઓથી લાભ મળવાની સંભાવના છે. આવકમાં વધારો થઈ શકે છે.

**મીન** : વિચારો સકારાત્મકા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિ વધશે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. ધર્મ-કર્મમાં ખર્ચ થઈ શકે છે.

## ચિરવિદાય

- સ્વ. રતિલાલ ફુલાભાઈ પટેલ (ઉ.વ. ૭૦) મુ.પો. સુઘડ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. હીરાબા ચંદુજી બિહોલા (ઉ.વ. ૭૫) મુ.પો.પાલજ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. દઈબેન રાઈસંગજી ઠાકોર (ઉ.વ. ૯૦) મુ.પો. રહાપુરા, તા. દસકોઈ, જિ. અમદાવાદ.
- સ્વ. સવિતાબેન મોતીભાઈ પટેલ (ઉ.વ. ૭૫) મુ.પો. આલમપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. પાલીબેન સોમાભાઈ મકવાણા (ઉ.વ. ૭૫) બ્લોક નં.૫૪/૪, ટાઈપ-૩, જીઈબી, ગાંધીનગર.